**તા. ૧-૫-૬૦ પહેલા એટલે કે મુંબઈ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયેલા અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : એસસીએ/૧૦૯૩/હા.૬/હ**
**સચિવાલય, ગાંધીનગર. તા. ૩૦-૩-૧૯૯૮**

**ઠ રા વ :–**

ખાસ કરીને વલસાડ જિલ્લાના મહાર જાતિના લોકો વર્ષોથી ગુજરાતમાં વસે છે. આમ છતાં તેઓને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી રહે છે. ભારત સરકારે બહાર પાડેલ અનુસૂચિત જાતિ/જનજાતિ અધિનિયમ, ૧૯૫૦માં જણાવેલ મુંબઈ રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં મહાર જાતિનો સમાવેશ થયેલ હતો. એ પછી ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પડેલ ગુજરાત રાજ્યની તેમજ મહારાષ્ટ્ર રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં મહાર જાતિનો સમાવેશ થયેલ છે. પ્રસ્તુત બાબતમાં થયેલ સ્પે. સી. એ. નં. ૭૮૩૫/૯૩ ના સંદર્ભમાં નામદાર હાઈકોર્ટે એવો ચુકાદો આપેલ છે કે તા. ૧-૫-૬૦ પહેલાં એટલે કે મુંબઈ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયેલા અનુસૂચિત જાતિના ઈસમોને જાતિ પ્રમાણપત્ર આપવા જોઈએ. સદરહુ ચુકાદાના સંદર્ભમાં આવા ઈસમોને ગુજરાતના અનુસૂચિત જાતિ તરીકેના લાભો આપવા અંગે જરૂરી માગદર્શક સૂચનાઓ/ઠરાવ/હુકમ રવાના કરાવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ તા. ૨૪-૧૨-૯૭, તા. ૧૦-૨-૯૮ અને તા. ૨૪-૨-૯૮ના પત્રોથી આ વિભાગને દરખાસ્ત કરી હતી. નામદાર હાઈકોર્ટના ચુકાદા અન્વયે તથા એના અનુસંધાને નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની ઉપરોક્ત પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે તેમજ આવા ઈસમો તરફથી મળેલ રજૂઆતો પરત્વે કાળજી ભરી વિચારણા કરીને, તા. ૧-૫-૬૦ પૂર્વે ગુજરાત રાજ્યમાં સ્થાયી થયેલ અનુસૂચિત જાતિના ઈસમોને નીચેની વિગતો/માપદંડ/ધોરણો પૂર્ણ થતા હોય તો જાતિ પ્રમાણપત્ર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અરજદાર મુંબઈ રાજ્ય વખતે (તા. ૧-૫-૬૦ પહેલાથી) જે સ્થળે સ્થાયી થયેલ હોઈ તે સ્થળ મુંબઈ રાજ્ય વિભાજન પછી હાલના ગુજરાત રાજ્યમાં ગણાતું હોવું જોઈએ.

(૨) અરજદાર જે જાતિ/કોમના હોવાનો દાવો કરતાં હોઈ તે જાતિ/કોમનો સમાવેશ, ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ બહાર પડેલ મુંબઈ રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં થયેલ હોવો જોઈએ. તેમજ એ પછીના ભારત સરકારના અનુસૂચિત જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ બહાર પડેલ ગુજરાત રાજ્યને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં થયેલ હોવો જોઈએ.

૨. આ ઠરાવની અમલવારી અંગે નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાએ સંબંધિત સર્વેને ઘટતી કાર્યવાહી કરવાની સૂચના આપવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
સહી/-
(વી. એમ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રીઓ.
માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સર્વે)ના અંગત સચિવશ્રી.
માન. નાયબ મંત્રીશ્રી (સર્વે)ના અંગતશ્રી.
સચિવાલયના સર્વે વિભાગો.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ/સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
જિલ્લા કલેક્ટરશ્રીઓ.
જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિભાગના તાબા હેઠળના તમામ ખાતા/બોર્ડ/કોર્પોરેશનના વડાશ્રીઓ.
અધિક મુખ્ય સચિવશ્રી (સ. ક. વિ.)ના રહસ્ય સચિવશ્રી.
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.
(* પત્ર દ્વારા.)